હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

કેમ છો ? ટ્રમ્પ એવું 'અમારે' કહેવાનું છે...??

વાત-વાતમાં.....

- મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલ આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં સાંજે રૂફટોપ ડીનર યોજાયુ હતુ. મહાત્મા મંદિરની છત પર યોજાયેલા આ ડીનરમાં બોલીવુડના જાણીતા અભિનેતા રણદીપ હુડ્ડા જેઓ કોન્ફરન્સની મુલાકાતે પધાર્યા હતા તેઓ પણ જોડાયાં હતા.
- મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલી આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં સવાસોથી વધુ દેશોના પ્રતિનિધિઓ પધાર્યા છે. મોટી સંખ્યામાં વિદેશી ડેલિગેટ્સ હોવા છતાં આ કોન્ફરન્સમાં નોનવેજ ભોજન પીરસવામાં આવતુ નથી.
- મહાત્મા મંદિર ખાતેની કોન્ફરન્સ દરમ્યાન પ્રાંગણમાં વન્યજીવોની આબેહુબ પ્રતિકૃતિઓ ઉભી કરવામાં આવી છે. આ પ્રતિકૃતિઓ પાસે ઉભા રહીને ફોટો પડાવવાની લાલચ વિદેશી ડેલિગેટ્સ પણ છોડી શકતા નથી.
- શહેરના સેક્ટર-૧૨ ખાતેના ઉમિયા મંદિરે બિનઅનામત વર્ગના આંદોલનકારી અગ્રણીઓની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દિનેશ બાંભણિયા, રાજ શેખાવત તથા રમઝુભા જાડેજા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી આગામી રણનીતિ અંગે ચર્ચા કરી હતી.

પોલીસદળમાં ભરતીની પ્રક્રિયા દિવસે ને દિવસે વધુને વધુ વિવાદમાં ઘેરાઈ રહી છે. અનામત મુદ્દે મહિલા ઉમેદવારોના બે જૂથો સરકાર સામે પડ્યા છે તો હવે પુરૂષોની જગ્યામાં વધારો કરવાની માંગ સાથે સત્યાગ્રહ છાવણી ખાતે સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા હતા.

બુધવારે પડતર માંગણીઓને લઈ રાજય કર્મચારી મહામંડળની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૭

સાતમા પગારપંચના બાકી ભથ્થાઓ તેમજ અન્ય પડતર માંગણીઓને લઈ રાજયના તમામ કર્મચારી મંડળોની ગુજરાત રાજય કર્મચારી મહામંડળના નેજા હેઠળ તા.૧૯ ફેબ્રુઆરીના રોજ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયના કર્મચારીના વિવિધ સંગઠનોના ૧૦૦ જેટલા હોદેદારો હાજર રહીને ૧૦ મુદ્દાઓની માંગણીઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

રાજય સરકાર તરફથી સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે છેલ્લા કેટલાક સમયથી નિરાકરણ નહી આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. રાજય સરકારમાં અનેકવાર આવેદન પત્રો-રજુઆત કરવા છતા તંત્રના કાને કર્મચારીઓના પ્રશ્નો સંભળાતા નથી. ત્યારે તા.૧૯-૨-૨૦ ના રોજ તમામ સરકારી મહાસંઘોના હોદેદારોની બેઠકનું આયોજન કરાયું છે. જેમાં સાતમા પગારપંચના બાકી ભથ્થાઓ, જેમાં મકાનભાડા ભથ્થુ, મેડીકલ ભથ્થુ, ટ્રાન્સપોર્ટ ભથ્થુ, મોંઘવારી ભથ્થુ, ઉચ્ચ પગાર ધોરણ ૧૦,૨૦,૩૦, ની યોજના, ફિક્ષ પગાર સહાયકોને ફુલ પગાર, પુનઃનિયુકતી બંધ કરી વયનિવૃતિ ૫૮ વર્ષથી વધારી ૬૦ વર્ષ, ૫૦ વર્ષે તમામ ખાતાકીય પરિક્ષામાંથી મુકતી સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ, ગુજરાત રાજય કર્મચારી મહામંડળના પ્રમુખ આર.એચ.પટેલ સહિત વિવિધ સંગઠનોના ૧૦૦ જેટલા હોદેદારો હાજર રહેશે.

હસમુખ મેકવાનના હાસ્ય નાટકનું વિવિધ સ્થળે મંચન કરાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી ગાંધીનગરના વરિષ્ઠ નાટ્યકાર હસમુખ મેકવાન નિર્મિત, લિખિત, દિગ્દર્શિત અને અભિનિત સુખી દામ્પત્ય જીવનની રંગ-રસીલી વાતો સાથે સુખી લગ્ન જીવનનો સંદેશ આપતુ ફુલગુલાબી કોમેડી નાટક ''છાનું રે છપનું છુપાઈ નહીં''નું વિવિધ સ્થળે મંચન કરાયું હતું. જેમાં તા. ૮મી ફેબ્રુઆરીએ આણંદના ગામડી ખાતેના કોમ્યુનિટી હોલમાં, તા. ૯મી ફેબ્રુઆરીએ નડિયાદના ડૉ. આંબેડકર ભવન ખાતે તેમજ તા. ૧૫મી ફેબ્રુઆરીએ રાજસ્થાનના ઉદેપુર ખાતે મંગલ ભવન હોલ ખાતે થયેલા મંચનનો સમાવેશ થાય છે. નાટકમાં તેજલ પંચાલ, સંગીતા સુથાર, રાજન વ્યાસ, ભીખાભાઈ પંચાલ, પ્રકાશ ગદાણી તથા હસમુખ મેકવાને અભિનય આપ્યો હતો જ્યારે નાટકનું સહ દિગ્દર્શન નિરવ મેકવાન, સંગીત ગાંધીનગરથી હોમ સ્ટુડિયો દ્વારા, સંગીત સંચાલન શ્રવણ પરમાર દ્વારા, પ્રકાશ આયોજન અજિતસિંહ પરમાર દ્વારા, મેકઅપ નયન વ્યાસ દ્વારા, સેટિંગ્સ નડિયાદ કલા મંદિર અને નેપથ્ય અશ્વિન શર્મા દ્વારા આપવામાં આવ્યાં હતા.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.
- જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત અંગે કરેલી તૈયારીની સમીક્ષા રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમ દ્વારા વિડીયો કોન્ફરન્સ કરી કરવામાં આવી હતી.
- મહાત્મા મંદિરમાં CMS-COP-13 સમીટને લઈ ત્યાં ગુજરાતની પરંપરાગત ડિઝાઈનો સાથેના ગરવીના સ્ટોલ્સે ભારે આકર્ષણ જમાવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં સે. ૨૧માં પાર્કિંગની સુવિધા ઉભી કરવા માટે સ્માર્ટસીટી લિ. દ્વારા લેવાયેલ નિર્ણયમાં ગેરરીતિની શંકા સાથે તપાસની માંગ કરતી અરજીઓ મુખ્ય સચિવશ્રી અને તકેદારી આયોગને કરવામાં આવી હોવાની વાતો બહાર આવતાં વધુ એક નવો વિવાદ ઉભો થયો છે.
- ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા સાતમા પગારપંચના બાકી ભથ્થા અને અન્ય પડતર પ્રશ્નો અંગે ૧૯મી ફેબ્રુઆરીના રોજ તમામ કર્મચારી મહાસંઘોની બેઠક ગાંધીનગર ખાતે બોલાવવામાં આવી છે.

સત્યાગ્રહ છાવણી વિસ્તારમાં ચા-નાસ્તાના વેપારમાં વધારો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા બે માસથી વધુના સમયથી આંદોલનકારીઓનો જમાવડો જામ્યો છે. હાલની પરિસ્થિતિએ એલઆરડી મુદ્દે વિવિધ સંગઠનો ન્યાય માટે અડીંગો જમાવી બેઠા છે. આદીવાસી સમાજ, માલધારી સમાજ સહિતના સંગઠનો દ્વારા બહેનોની લડતને સમર્થન આપવામાં આવ્યું છે. છાવણી ખાતે ધારાસભ્યો, વિવિધ સમાજના હોદેદારો, આગેવાનો,સહિત નાગરીકો મોટીસંખ્યામાં હાજર હોય છે. ત્યારે છાવણી વિસ્તારમાં આસપાસ આવેલા ચા-નાસ્તાની લારીધારકોના વેપારમાં તેજી જોવા મળી છે. ચા અને વિવિધ નાસ્તાની રેકડીઓ લઈને ઉભા રહેતા વેપારીઓનો વેપાર ગણતરીના કલાકોમાં પુરો થઈ જાય છે. કેટલીકવાર તો આંદોલનકારીઓ ચા માટે જાય તો દુધ ન હોવાથી ચા પણ મળતી નથી. જયારે દાબેલી, વડાપાઉં, પફ, પીઝા, સેન્ડવીચ, બટાકા પૌંઆ, પાણીપુરી, સહિતની રેકડીઓ ઉપરાંત નજીક આવેલી હોટલ-રેસ્ટોરન્ટમાં પણ આંદોલનકારીઓની ભારે ભીડ જોવા મળે છે. ચા-નાસ્તાના વેપારીઓ વહેલી સવારથી મોડીરાત સુધી વેપાર કરતા જોવા મળે છે. જયારે છાવણીઓમાં મોડીરાત સુધી વિવિધ સંગઠન અને હોદેદારો આવતા ભારે ભીડ જોવા મળે છે. ત્યારે છાવણીને પગલે નાના વેપારીઓમાં રોજગારમાં વધારો થવા પામ્યો છે.

ગાય આધારિત પુરાણી સંસ્કૃતિને લોકપ્રિય બનાવવાના પ્રયાસો છેલ્લા કેટલાક સમયથી પુનઃ આરંભાયા છે. દૂધ ઉત્પાદનની સાથો સાથ આર્થિક ઉપાર્જન મળી રહે તે માટે 'હર ઘર એક ગાય'ના સ્વપ્નને સાકાર કરવા મધુર ડેરી દ્વારા જિલ્લામાં ગૌ પશુપાલન જાગૃતિ રથનું આયોજન કર્યું છે. જિલ્લાના ગામે ગામ રથ ઘુમી રહ્યો છે. દરેક ગામમાં ગૌ પાલનની માહિતી અપાઈ રહી છે અને સાથે સાથે ફાયદાઓ અંગે વિસ્તૃત જાણકારી તજજ્ઞો દ્વારા અપાઈ રહી છે.

બે દાયકાના લગ્નજીવન બાદ પત્નીએ બીજા લગ્ન કર્યા હોવાનો પતિનો આક્ષેપ

પત્ની અને અન્ય શખ્સ સામે ખોટા પુરાવા ઉભા કરવા અને ખોટા સોંગદનામા મુદ્દે ગુનો નોંધવા પતિની અરજી

ગાંધીનગર, તા.૧૭

સમાજ જીવનમાં બે દાયકાના લગ્ન જીવન દરમિયાન ત્રણ સંતાનોની માતા બન્યા બાદ પણ પત્નીએ બીજા લગ્ન કરી લીધા હોવાનો આક્ષેપ એક પતિ દ્વારા કરવામાં આવ્યો છે. ગાંધીનગર વિસ્તારમાં આવેલા એક ગામના આધેડે પત્ની અને એક શખ્સ સામે ગુનો દાખલ કરવા માટે અરજી કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અરજીકર્તાના બે દાયકાના લગ્ન જીવનમાં બે દિકરા અને એક દિકરીનો સમાવેશ થાય છે. અરજીમાં કરવામાં આવેલા આક્ષેપ પ્રમાણે ત્રણ માસ પહેલા અરજીકર્તાની પત્ની કહ્યા વિના પિયર જતી રહી હતી. પતિએ ફોન કરતા પત્નીએ માતા બિમાર હોવાથી હાલ આવી શકુ તેમ નથી. ત્યારબાદ પતિને જાણવા મળ્યુ હતુ કે પત્નીને અન્ય એક શખ્સ સાથે આડાસંબંધ છે. તે સમયે પતિએ આ વાતને અફવાગણીને ધ્યાને લીધી ન હતી. જો કે ૭ ફેબ્રુઆરીએ પત્નીના કહેવાતા પ્રેમીના ભાઈએ ફરીયાદીને લગ્નનું સર્ટીફિકેટ આપ્યું હતું. જેથી પત્ની અને અન્ય શખ્સના લગ્ન અંગેના સર્ટીફિકેટની ખરાઈ માટે પતિ ગાંધીનગર મનપા કચેરી ખાતે લગ્ન નોંધણી વિભાગમાં પહોંચીને સર્ટી અંગે તપાસ કરતા તે સાચુ હોવાનું ધ્યાને આવ્યું હતું. ત્યારે પ્રથમ લગ્ન છુપાવીને પત્નીએ કરેલા બીજા લગ્ન માટે રજુ કરેલા પુરાવામાં પણ સુધારા-વધારા ધ્યાને આવ્યા છે. કારણ કે આધારકાર્ડ, ચુંટણીકાર્ડમાં પતિના નામનો છેદ જ ઉડી ગયો હતો. જેથી પતિએ પોલીસ મથકે અરજી કરીને પત્ની અને અન્ય શખ્સ સામે નિયમ વિરુધ્ધ બીજા લગ્ન, ખોટા પુરાવા ઉભા કરવા અને ખોટા સોંગદનામા મુદ્દે ગુનો નોંધવા માટે માંગ કરતી અરજી કરી છે.

ફિરોજપુરની ફેકટરીમાંથી દુષિત પાણીના નિકાલ અંગે પોલીસ ફરીયાદ

ગાંધીનગર નજીક આવેલા ફિરોજપુર ગામ પાસે ગેરકાયદેસર રીતે ફેકટરી શરુ કરવા માટે અને ફેકટરીનું ગંદુ પાણીનો જાહેરમાં નિકાલ કરવા અંગે પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારી એસ.આર.પટેલ દ્વારા ડભોડા પોલીસ મથકે ફરીયાદ કરી હતી. જેમાં વલાદ પાસે બ્રહ્માકુમારી સાધના ભવનની નજીક ઉમિયા ફાર્મ ખાતે ગાયત્રી એન્ટરપ્રાઈઝ નામે ગેરકાયદેસર એકમનો પ્રારંભ થયો હતો. આ એકમ અંગે ફરીયાદો મળતા તા.૬ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ વિજીલન્સ ઓફિસરો દ્વારા સ્થળ તપાસ કરવામા આવી હતી. જેમાં એકમ દ્વારા એસિડીક પાણીનો કોઈપણ જાતની ટ્રીટમેન્ટ વિના નજીકમાં આવેલી કેનાલમાં છોડી દેવામાં આવતુ હતું. ફેકટરી અંગે જીપીસીબીની મંજુરી પણ લેવામાં આવી નથી. જીપીસીબી દ્વારા તા.૧૮ ડિસેમ્બરના રોજ ઉદ્યોગ બંધ કરવાનો હુકમ કરાયો હતો. ત્યારબાદ તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ અધિકારીઓ દ્વારા ફરી સ્થળ મુલાકાતકરીને એક બંધ હતુ પરંતુ ખુલ્લી જમીનમાં દુષિત પાણીનો નિકાલ થયો હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને પગલે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા બિન અધિકૃત એકમ શરુ કરવા અને ગંદાપાણીનો કેનાલ-જમીનમાં નિકાલ કરવા મુદ્દે ફેકટરી માલિક, જમીન માલિક તેમજ જવાબદાર વ્યકિતઓ વિરુધ્ધ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ હેઠલ ફરીયાદ નોંધવામાં આવી છે.

અહિર સોનાર (સોની) જ્ઞાતિના કુટુંબ પત્રક ભરી સત્વરે આપવું

રાષ્ટ્રીય સુવર્ણકાર સમાજ વિકાસ પરિષદ ગુજરાત પ્રદશના અધ્યક્ષ એન.ડી. ભામરે, મહાસચિવ અરવિંદ રનાળકર, સર્વે કન્વીનર અશોકરાવ વડનેરે દ્વારા જણાવાયું છે કે, ગુજરાતમાં વસતા અહિર સોનાર (સોની) જ્ઞાતિજનોનો ઓબીસીમાં સમાવવાના કામે તેમના કુટુંબ પત્રક નિયત નમૂનામાં ભરી તાત્કાલિક ગાંધીનગર ઓબીસી કચેરીને આપવાના હોવાથી તેઓએ જે તે સમાજ મંડળનો સંપર્ક કરી કુટુંબ પત્રકનું ફોર્મ મેળવી, તે ભરીને સાથે લિવિંગ સર્ટીફીકેટ તથા શાળામાં ભણતા બાળકોના બોનાફાઈડ સર્ટીફીકેટ ત્રણ ત્રણ નકલમાં જે તે સમાજ મંડળોને આપવાના છે. સમગ્ર રાજયની કામગીરી સમય મર્યાદામાં પૂરી કરવાની હોવાથી આ કામે કોઈ રહી જશે તો અમારી જવાબદારી રહેશે નહી તથા વધુ માહિતી માટે સંસ્થાનો સંપર્ક કરવા સંસ્થાના અધ્યક્ષ દ્વારા જણાવાયું છે.

મહાત્મા મંદિર ખાતે સી.એન. ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓનું યોગદાન

મહાત્મા મંદિર ખાતે સ્થળાંતર કરી જતા વન્યજીવોના સંરક્ષણ માટે યોજાયેલી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં અમદાવાદની સી.એન. ફાઈનઆર્ટસના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વન્યજીવોના ચિત્રોને આવરી લેતી વિશાળ પેઈન્ટિંગ વૉલ તૈયાર કરાઈ રહી છે જેમાં દરરોજ ૨૦ વિદ્યાર્થીઓની અલગ અલગ ટીમે તેમના કલા કૌશલ્યનું યોગદાન આપશે.

ગાયત્રી પરિવાર દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

બ્રહ્માણી માતા મંદિર બારીયાના પાટોત્સવ નિમિત્તે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર તથા દહેગામ દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ડૉ. ચતુરભાઈ પટેલ તથા ડૉ. ઉરેશભાઈ પારેખ દ્વારા ૯૦ જેટલા દર્દીઓની આંખ ચકાસણી કરી દર્દીઓને રાહત દરે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ છ દર્દીઓને મોતિયાનું નિદાન તથા નેત્રમણિ વ્યવસ્થા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવી હતી. આ ઉપરાંત પ.પૂ. ગુરુદેવ રામશર્મા આચાર્યજી રચિત સદસાહિત્ય પુસ્તક મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ઉત્તર દસક્રોઈ કડવા પાટીદાર સમાજના સમૂહલગ્ન રાયસણ ખાતે યોજાયા હતા. જયાં નવદંપતિન વૈદિક વિધિ મુજબ લગ્ન ગાયત્રી પરિવાર રાણીપ અને ગાંધીનગર દ્વારા સંયુકત રીતે કરવામાં આવ્યા હતા તથા ગાયત્રી પરિવાર ગાંધીનગર દ્વારા પચાસ ટકા મૂલ્યે સદ સાહિત્યનું અહીં વિતરણ કરવામાં આવ્યું હતું.

પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી ખાતે ૬૧મા મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન

આગામી મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે જૂનાગઢના ગોદડીયા પરંપરાના પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી ખાતે ૬૧માં મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો તા. ૧૯મી ફેબ્રુઆરીથી પ્રારંભ થશે અને ૨૧મી ફેબ્રુઆરીના રોજ સમાપન થશે. આ મહોત્સવમાં સહ કુટુંબ, મિત્રમંડળ સહિત પધારવા અને ભગવાન શિવજીના શિવાનંદને માણવા શહેરની ધર્મપ્રેમી જનતાને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એન.પી. પટેલ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

વિધાનસભા ખાતે 'સંસદીય લોકશાહીને સુદ્રઢ કરવામાં સાંસદો-વિધાયકોની ભૂમિકા' વિષયક પ્રવચન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

રાજય સભાના સાંસદ, વિચારક-વિશ્લેષક તેમજ મુખ્ય વક્તા ડૉ. સુધાંશુ ત્રિવેદીએ 'સંસદીય લોકશાહીને સુદ્રઢ કરવામાં સાંસદો અને ધારાસભ્યોની ભૂમિકા' વિષય પર પોતાના વિચાર રજૂ કરતાં વિધાનસભા ખાતે કહ્યું હતું કે, લોકશાહીને વધુ મજબુત-સુદ્રઢ બનાવવા જે તે વિધેયકનું વિષયવસ્તુ પ્રક્રિયા, સંવિધાનિકતા અને તેની નૈતિકતા સમજવી ખૂબ જરૂરી છે. આપણે વિધેયકનું વિષયવસ્તુ સમજીશુ તો તેમાં આપણી સહભાગીતા વધશે તેનો યોગ્ય અર્થ આપણે કરી શકીશું. માત્ર જે તે વિધેયક અંગે સાંભળેલ વાતોથી આપણે આપણા મંતવ્યો રજૂ કરવાથી તેમાં અર્થનો અનર્થ થઈ જાય છે. આ ઉપરાંત જ્યારે કોઈ વિધેયક સંસદ અથવા વિધાનસભામાં રજૂ થાય છે ત્યારે તેનો સંપૂર્ણ કાયદાકીય અભ્યાસ બાદ રજૂ કરવામાં આવે છે. તેની આ પ્રક્રિયા પણ સમજવી જરૂરી છે.

ડૉ. ત્રિવેદીએ જણાવ્યું હતું કે કોઈપણ વિધેયકની સંવિધાનિકતા સમજવા માટે આપણે સંસદ અથવા વિધાનસભામાં અગાઉ જે તે વિધેયક ઉપર થયેલી ચર્ચા સમજવી પડે, તેને કાયદાકીય રીતે પણ સમજવી પડે. તેમાં રહેલો વિશ્વાસ અને આધાર જાણવો-સમજવો પડશે. વિવિધ કાયદાઓના અભ્યાસ કરવો પડશે. હાલમાં તેનું કેટલું મહત્વ છે તે પણ જોવું પડશે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા છ વર્ષમાં ૧૫૦૦ જેટલા નિયમો-કાયદાઓ રદ કર્યા છે જેનું વર્તમાનમાં કોઈ મહત્વ ન હતું.

ડૉ. ત્રિવેદીએ આ પ્રસંગે વિધેયકની નૈતિકતા ઉપર ભાર મૂકતાં કહ્યું હતું કે, આપણે સ્વનું તત્વ સમજીએ તો ભારતમાં ઘણી સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય, એટલે કે નિયમ તોડવાનો નથી પણ નિયમમાં રહીને જ જે કોઈપણ વિધેયક તૈયાર કરીને અને આપણે આપણી લોકશાહીને વધુ મજબુત અને સુદ્રઢ બનાવી શકીશું.

ડૉ. ત્રિવેદીએ આ પ્રસંગે ભારતની 'સાજા' સંસ્કૃતિના અનેક ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વનો એક માત્ર દેશ છે જેમાં તમામ ધર્મના લોકો રહે છે. ભારત એ માત્ર વિશ્વનો સૌથી યુવા દેશ જ નહીં પણ સૌથી પ્રાચિન સંસ્કૃતિ ધરાવતો દેશ પણ છે.

આ પ્રવચન કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, વનમંત્રી ગણપતસિંહ વસાવા, મંત્રીઓ, ધારાસભ્યો, વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલ સહિત અધિકારીઓ/ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુરૂવારે સે. ૨૩માં શિવશક્તિ મંદિરે અશ્વિન પાઠકના સુંદરકાંડ

ગાંધીનગરના સેક્ટર-૨૩માં 'છ' ટાઈપ આવાસ નજીકના શ્રી શિવશક્તિ મંદિર ચોક ખાતે આગામી તા. ૨૦મી ફેબ્રુઆરી ગુરૂવારની રાત્રે ૮.૩૦ કલાકે અશ્વિનકુમાર પાઠકના સ્વકંઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જયશ્રી રામ સુંદરકાંડ પરિવાર દ્વારા આયોજિત આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જયશ્રી રામ સુંદરકાંડ પરિવાર દ્વારા સતત ૨૦ વર્ષથી શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન એવા અખંડ સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું છે.

જાહેર નિવિદા / ૨૦૨૦-૨૧

પ્રચાર્ય જીલ્લા શિક્ષણ તાલીમ ભવન મોડાસા, જી. અરવલ્લીના અમલીકરણ હસ્તક સને ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ ખાસ કેન્દ્રીય સહાય તથા આર્ટીકલ ૨૭૫ હેઠળ મંજુર થયેલ ભિલોડા તાલુકા માટે ૨ તાલીમ વર્ગો ચલાવવાના થાય છે. આથી રજીસ્ટ્રેશન સંસ્થાઓ / સહકારી મંડળીઓ જાહેર ટ્રસ્ટો પાસેથી કુલ ૨ તાલીમ વર્ગોના ભાવો રજી.પો.એ.ડી. ટપાલથી બંધ કવરમાં કામવાર અલગ અલગ ભાવો મંગાવવામાં આવે છે. સદર ભરેલ ભાવો કામવાર સ્પેસીફીકેશન મુજબ જાહેરાત પ્રસિદ્ધ થયા દિન-૭માં પ્રચાર્ય જિલ્લા શિક્ષણ તાલીમ ભવન મોડાસા, જી. અરવલ્લીને મોકલી આપવાના રહેશે. નિયત તારીખ બાદ આવેલા ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ ભાવપત્રક મંજુર કરવું અથવા ના કરવું તેનો અધિકાર નીચે સહી કરનારનો રહેશે. કવરના મથાળે તાલીમ વર્ગોનું ભાવપત્રક તથા તાલીમનું નામ લખવાનું રહેશે.

નોંધ : તાલીમોની વિગત પ્રચાર્ય જીલ્લા શિક્ષણ તાલીમ ભવન, મોડાસા, જી. અરવલ્લીના નોટીસબોર્ડ ઉપર મુકેલ છે.

પ્રચાર્ય જિલ્લા શિક્ષણ તાલીમ ભવન
મોડાસા, જી. અરવલ્લી

નામાનિ/હિંમત/૪૮૧/૨૦૨૦

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જાહેરાત નંબર : એબી/ટીસી/૦૮, સને ૨૦૧૯-૨૦,
ટેન્ડર આઈડી નં. ૩૯૮૭૯૧

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૮૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી **"Staff Quarters Renovation & Laboratory Upgradation Work in Gujarat Jalseva Training Institute, Sector-15, Gandhinagar"** માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેરેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. જે કામોની અંદાજીત કિંમત રૂ. ૪૭.૦૯ લાખ, બાનાની રકમ રૂ. ૪૭,૧૦૦/- અને ટેન્ડર ફી રૂ. ૧૫૦૦/- છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૩/૩/૨૦૨૦ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ **www.nprocure.com** પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૨૩૨૩/૧૯-૨૦